કથનઃ

રીટા હિરાણી, ઈન્ટરીમ સીઈઓઃ  અમારી હેલ્પલાઈનનો તમે ઉપયોગ કરી શકો છો જેથી લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ મુદ્દાઓ પર વાત કરી શકે જ્યાં વ્યવસાયિકો સાંસ્કૃતિક મુદ્દાઓ અને સંદર્ભને સમજી શકશે.

ગ્રેગ, હેલ્પલાઈનઃ  એવી ગેરમાન્યતા પ્રવર્તે છે કે એલજીબીટી લોકો ડાન્સ પાર્ટીમાં જાય છે, તેમના રૂપિયા ઉડાવે છે અને જાતે મજા કરે છે.  મોટાભાગના એલજીબીટી લોકો માટે વાસ્તવિકતા એ છે કે અમારું જીવન પણ ગરીબી, ભેદભાવ, ડર અને ઘરેલું હિંસાની નષ્ટ થઈ શકે છે.   આપણે એ મુદ્દાઓને જાહેરમાં લાવવાની અને આ અસમાનતાઓનો સામનો કરે તેવી સેવાઓની માંગણી કરવાની જરૂર છે.

આયોના ફિએસ્ટા, આઉટસ્કર્ટ એડિટરઃ  ઘરેલું સતામણી અમુક અંશે, 'ઘરમાં- હાથી- ભરાઈ- ગયો' હોય તેવી પરિસ્થિતિ એટલે ન રહેવાય ના સહેવાય જેવી પરિસ્થિતિ છે: આપણે સૌ જાણીએ છીએ કે એ છે, આપણે સૌ એવી કોઈ વ્યક્તિને જાણીએ છીએ કે જે તેનો ભોગ બન્યું છે, પરંતુ આપણાંમાંના મોટાભાગના વાસ્તવિકતાનો સામનો કરવાને બદલે ચૂપકીદી સેવીએ છે એટલે કે આંખ આડા કાન કરીએ છીએ.  કદાચ આપણાં સૌ માટે આ શરમની વાત છે – ગે વ્યક્તિઓ પણ સારા અને સમજદાર નાગરિક છે કે આપણે સ્વીકારી નથી શકતા કે અન્ય લોકોની જેમ જ આપણાંમાં પણ અમુક ત્રુટિઓ છે તે લોકોને સમજાવવામાં અમે વ્યસ્ત છીએ.  પરંતુ તેમ છતાં, જો આપણો સમુદાય ખરેખર તે કરેતો આપણે કેટલાં મજબૂત થઈ શકીએ છીએ.

પોલીન, એલજીબીટી ઘરેલું હિંસાનો સામનો કરનાર વ્યક્તિ, લંડનઃ  મારા જીવનની દિશા બદલી નાખનારી ઘટના એ હતી જ્યારે મને મળેલી એક સ્ત્રી માટે મારા પ્રેમીથી છૂટા પડવાની ઘટના  મને એ સત્ય સમજાઈ ગયું કે હું એને બદલી શકવાની નથી, અને જે પ્રકારની નકારાત્મક બાજુ અને વર્તણૂંક તે મને બતાવી રહી હતી, તે મારો વાંક ન હતો અને તે બદલાવાનો ન હતો.  તેની વર્તણૂંક ચાલુ જ રહેતી હતી અને તે કોઈબીજા પર ફેરવાઈ જતી અને જ્યાં સુધી મેં એ સ્વીકારવાનું ચાલુ રાખ્યું ત્યાં સુધી તે બદતર જ થતી ચાલી.  ઘરેલું હિંસા એ તમને નીચેને નીચે લઈ જાય છે.  એક વાર એ ચાલુ થાય પછી, પછી તે બંધ થતું નથી બલ્કે બદતર જ થાય છે સિવાય કે કોઈ નક્કર પગલાં ન લેવામાં આવે.